# પત્રક ભાગ-૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

## સોમવાર, તા.૦૫મી ઓક્ટોબર, ૨૦૨૬

## ૪૩૮.જાહેર હિસાબ સમિતિની બેઠકો

**જાહેર હિસાબ સમિતિની બેઠક મંગળવાર, તા.૨૨/૦૯/૨૦૨૬ના રોજ મળી હતી**. ઉક્ત બેઠકમાં સમિતિએ સૌપ્રથમ **ગ્રામ વિકાસ પ્રભાગને** સંબંધિત સન ૨૦૧૬-૧૭ અને સન ૨૦૧૭-૧૮ના વિનિયોગ હિસાબોની તથા ત્યાર બાદ સમિતિએ **વાહન વ્યવહાર પ્રભાગને** સંબંધિત જાહેર હિસાબ સમિતિના ૧૩મી ગુજરાત વિધાનસભાના પહેલા અહેવાલમાં તથા ૧૪મી ગુજરાત વિધાનસભાના પહેલા અને ત્રીજા અહેવાલોમાં સમાવિષ્ટ ભલામણો પર સરકારે લીધેલાં પગલાનાં પત્રકોની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન સમિતિએ ઉક્ત અહેવાલો પર સરકારે લીધેલાં પગલાંના પત્રકો પર સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો. સમિતિએ ગ્રામ વિકાસ પ્રભાગ અને વાહન વ્યવહાર પ્રભાગની બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને નિયત સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

**સમિતિનો નિર્ણય :-**

સન ૨૦૦૭-૦૮ના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મહેસૂલ પ્રાપ્તિ)માં સમાવિષ્ટ મહેસૂલ વિભાગને સંબંધિત **ફકરા ક્રમાંક : ૩.૨**ની જે તે સમયે તપાસ હાથ ધરીને સમિતિએ ભલામણ કરી હતી. જે ભલામણનો સમાવેશ ૧૪મી ગુજરાત વિધાનસભાના ત્રીજા અહેવાલમાં કરવામાં આવ્યો હતો. સી.એ.જી.ના મૂળ અહેવાલના ફકરા ક્રમાંક : ૩.૨ માં **"રૂપાંતર વેરા"**ની બાબત હતી પરંતુ શરતચૂકથી સમિતિના અહેવાલની ભલામણમાં **"સ્ટેમ્પ ડ્યુટી"** શબ્દ વપરાયેલો છે. સમિતિનો ઉક્ત અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ થઇ ગયેલ હોવાથી તેની ભલામણમાં થયેલ શાબ્દિક ભૂલ સુધારવાની બાબત સમિતિ સમક્ષ રજૂ કરતાં સમિતિએ ઉક્ત શાબ્દિક ભૂલને સુધારી આ બાબતે મહેસૂલ વિભાગને જાણ કરવાનો સર્વ સમંતિથી નિર્ણય લીધેલ હતો.

**જાહેર હિસાબ સમિતિની બેઠક બુધવાર, તા.૨૩/૦૯/૨૦૨૬ના રોજ મળી હતી.** ઉક્ત બેઠકમાં સમિતિએ સૌપ્રથમ **માર્ગ અને મકાન વિભાગને** સંબંધિત સન ૨૦૧૭–૧૮ના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર)ના ફકરાઓની તપાસ હાથ ધરી હતી અને ઉક્ત અહેવાલના ફકરાઓ પૈકી ફકરા ક્રમાંક : ૨.૫ અને ૨.૬ની તપાસ પેન્ડિંગ રાખીને તે સિવાયના તમામ ફકરાઓની બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો–ભલામણો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને નિયત સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

ત્યાર બાદ સમિતિએ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને** સંબંધિત જાહેર હિસાબ સમિતિના ૧૩મી ગુજરાત વિધાનસભાના ત્રીજા અને ચોથા અહેવાલમાં તથા ૧૪મી ગુજરાત વિધાનસભાના પાંચમાં અહેવાલમાં સમાવિષ્ટ ભલામણો પર સરકારે લીધેલાં પગલાનાં પત્રકોની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન સમિતિએ વિભાગ દ્વારા ૧૩મી ગુજરાત વિધાનસભાના ત્રીજા અહેવાલમાં કરેલ ભલામણો પર સરકારે લીધેલાં પગલા પર અસંતોષ વ્યક્ત કર્યો હતો અને ભલામણો સંબંધે પુનરોચ્ચાર કર્યો હતો. જ્યારે બાકીના અહેવાલો પર સરકારે લીધેલાં પગલાંના પત્રકો પર સમિતિએ સંતોષ વ્યક્ત કરીને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને નિયત સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**